Journal of Advances and Scholarly Researches in Allied Education
Vol. 15, Issue No. 9, October-2018, ISSN 2230-7540

# Ahamvadi Shridhar Na Hriday Parivartan Ni Katha Etle Anusandhan

**Patel Hardika Pravinkumar***

Professor, Sardar Patel B.Ed College, Gujarat, MP

---------------------------------x---------------------------------

ધીરુબહેન પટેલની આ લઘુનવલ 6 પ્રકરણ અને 112 પેજમાં પૂર્ણ થતી અગાઉ જોયેલી નવલકથાઓ કરતાં તદ્દન નવું જ વિષયવસ્તુ લઈને આવનારી લઘુનવલ છે. અહીં પણ સ્ત્રીની વ્યથા-કથા તો આવે જ છે પણ વિશેષરૂપે આ લઘુનવલમાં આલેખાયેલા એક પિતા વયોવૃદ્ધ થાય છે તે પછી જિંદગીના સરવાળાને બાદબાકી કરતાં તેમને જણાય છે કે તેમનાથી એવું ઘણું અયોગ્ય થઈ ગયું છે જેનો બધો હિસાબ ચૂકતે કરવાનો સમય આવી ગયો છે ને તે ચૂકતે કર્યા પછી જ શાંતિથી ને આનંદમયરૂપે આ દુનિયાને છોડીને જઈ શકશે. જિંદગીના થોડાં પાનાં જીવવાના બાકી હોય છે ત્યારે એક પિતાનો પુત્રી પ્રત્યેનો સ્નેહ જાગી ઉઠે છે બલકે એમ કહી શકાય કે અન્ય માનવોને સમજવાનો તેમનો અભિગમ બદલાયેલો જોવા મળે છે. પિતા-પુત્રીના સંબંધોને તો આપણે બહુ સારી રીતે જાણીએ છીએ તેને શબ્દસ્થ કરવાનું કાર્ય પણ અઘરું છે. મને યાદ છે કે ગુજરાતી સાહિત્યના એક લોકપ્રિય લેખિકા કાજલ ઓઝા વૈદ્ય એક પ્રોગ્રામમાં સ્ત્રી સન્માનની વાત કહેતા હતાં ત્યાં દીકરીનું મહત્વ સમજાવતા મૂર્ધન્ય સાહિત્યકાર એવા ચંદ્રકાન્ત બક્ષીએ દીકરી માટે કહેલી વાત કહેતાં કહે છે કે ‘દીકરી એટલે પુરુષના જીવનની અંતિમ સ્ત્રી’ એટલે કે એક દીકરીના બાપ બન્યા પછી પુરુષના જીવનનો બધો ખાલીપો એક દીકરી પૂરો કરી દે છે. એ એક ‘મા’ પણ છે જે હંમેશા પોતાના પિતાની કાળજી રાખે છે. તે માંદા પડે તો તેમની દવાથી માંડીને તેમના માટેની બધી જ જરૂરી બાબતોની કાળજી રાખે છે. અહીં મને લેખિકાએ કહેલી એ ટૂંકી વાત યાદ આવી જાય છે. જે આ નવલકથાના સંદર્ભમાં પણ જોઈએ તો સાચું ઠરે છે. વૈજયંતી પણ ઘણાં સમય પહેલા ઘર છોડીને જતી રહી હોવા છતાં શ્રીધરની (પિતા) માંદગીના સમચાર સાંભળ્યા પછી ક્ષણનો પણ વિલંબ કર્યા વગર તે પોતાના પિતાની સેવા શુશ્રૂષા કરવા માટે તત્પર બનતી જોવા મળે છે.

મૂળ વાત તો એ જ છે કે પિતા પુત્રી વચ્ચે એક અહમની દિવાલ ઊભી થઈ ગઈ હોય છે જે સમજતા પિતાને ઘણાં વર્ષો લાગી જાય છે પણ તેને સમજ્યા પછી તે અહંમને ઓગાળવાના પ્રયત્નો કરતા જોવા મળે છે. સાથે અન્ય માનવીઓને પણ જોવાનો તેમનો અભિગમ બદલાય છે જ્યાં તેમને વારંવાર એવું અનુભવાય છે કે આ તો માત્ર દીકરીનું પાનું ખોલ્યું છે તો આવા તો બીજા કેટલાયે પાનાં હશે જે મેં ફેરવ્યા જ નથી. જેનો હિસાબ ચોખ્ખો કરવાનો સમય હવે પાકી ગયો છે.

નવલકથાની શરૂઆત જ શ્રીધરના મનોમંથનથી થાય છે. વૃદ્ધ થયેલ શ્રીધર પોતાની પહેલાંની પ્રચંડ ધોધની જેમ વેગભરી વહેતી જિંદગીને યાદ કરતો હોય છે ‘જે ક્ષણે જે સૂઝ્યું તે કરી જ નાખવાનું, આગળ પાછળનો લેશ પણ વિચાર કરવાનો નહીં એવો મારો સ્વભાવ હતો.’1 આવો સ્વભાવ ધરાવનાર શ્રીધર એ જોવાનો પ્રયત્ન સુદ્ધા પણ કરતો નથી કે તેના વ્યવહારથી, વર્તનથી નિર્ણયોથી કેટલા લોકો ખુશ છે અથવા તો નાખુશ છે. પોતે જે કે એ જ સાચું ને એને વળગીને જ સૌએ જિંદગી જીવવી એવો વિચાર ધરાવનાર શ્રીધર જિંદગીનાં અંતિમ પડાવ પર પહોંચે છે ત્યારે પોતે કરેલા વર્તન વિશે વિચારતા તેને વડના ઝાડ નીચે થતી મંકોડાની પલટનની હિલચાલ જોવા મળે છે. જેમાં એક મકોડાના સરદારને અનુસરતા અન્ય અનુયાયીઓને જોયા પછી શ્રીધરને થાય છે કે મેં તો એ જોવાનું પણ યોગ્ય નથી સમજ્યું કે મારી પાછળ કોઈ આવે છે કે નહીં, મારી આ આત્મસંતુષ્ટ મજલમાં કેટલાયે જણને મેં આઘાત પહોંચાડ્યો હોય… ન કરવા જેવાં કામ કર્યા હોય, કરવા જેવાં છોડી દીધાં હોય.2 આવી અનુભૂતિને અનુભવતો શ્રીધર હવે પહેલા કરેલા કાર્યોને ઠીક કરવા માટે પ્રયત્નશીલ બને છે. તેઓ આ કાર્ય કરવા માટે પ્રયત્નશીલ તો બને છે માત્ર જિંદગી છોડીને ચાલી ગયા પછી પોતાને કોઈ

પણ જાતનું દુઃખ કે રંજ ન રહે તે માટે. પોતાની આત્મસંતુષ્ટી માટે તેઓ પ્રયત્નશીલ થતા જોવા મળે છે. વૃદ્ધ થયેલ શ્રીધર હવે પહેલા જેવું કાર્ય કરી શકતો નથી. વૃદ્ધાવસ્થાને કારણે સરખા ડગ પણ માંડી શકતો નથી. એકલવાયું જીવન જીવનાર શ્રીધર હવે કોઈની હૂંફ શોધતો ફરે છે. પોતાના પૈસા અને બેન્કનો બધો હિસાબ પરમ મિત્ર અરદેશર બીલીમોરીઆનો પુત્ર રુસી રાખે છે. શ્રીધરને તેના પર ખૂબ વિશ્વાસ હોય છે માટે રુસીએ આપેલા કોઈ પણ કાગળને ચકાસયા વગર તેમાં સહી કરી દે છે. એમનો ઘડપણનો સહારો પણ થોડે ઘણે અંશે તો તે જ છે એવું લાગે છે કેમ કે પત્ની અદિતિ તો ક્યારની ભગવાનને વ્હાલી થઈ ગઈ હતી ને એક દીકરી હતી વૈજયંતી જેણે ઘણાં સમય પહેલા ઘર છોડી દીધું હતું. પિતા-પુત્રીના સંબંધો તો ત્યારના છૂટી ગયા હતા. ના પિતાને તેની કોઈ જાણ હતી ના દીકરીને પિતાની. બંનેમાંથી એકેયે એકબીજાની જાણ રાખવા સુધીના પણ પ્રયત્ન કર્યા ન હતા. અહીંથી જ નવલકથાની શરૂઆત થાય છે. જ્યાં એક પિતાના દિલમાં પુત્રી પ્રેમ જાગી ઊઠે છે એ પણ આમ અચાનક જ.

કહેવાય છે કે આ દુનિયામાં જો કંઈ બળવાન હોય તો તે છે 'સમય'. સમય જ માનવીને ઘણું બધું કહી જાય છે ને બતાવી પણ જાય છે. આ વાત શ્રીધરથી વધારે કોઈ સમજી શકે એમ નથી. જિંદગીના એવા પડાવે પહોંચ્યા પછી શ્રીધર એકલતાને જીરવી શકતો નથી. આવા સમયે શ્રીધરને પોતાના અંગત વ્યક્તિઓની હૂંફ, પ્રેમ અને ટેકો જોઈતો હોય છે જે મળી શકે એમ નથી અને એવો અહેસાસ થતાં સૌથી પહેલાં તે પોતાની દીકરી વિજુને શોધવાનો અને તેના સુધી પહોંચવાનો પ્રયત્ન કરતો હોય છે.

અહીં નવલકથાનું મુખ્ય પાત્ર તો શ્રીધર જ છે પણ તેની સાથે જોડાયેલા બે સ્ત્રી પાત્રો જેમાં એક તેની પત્ની **અદિતી**નું છે તો બીજું પાત્ર તેની દીકરી વૈજયંતીનું છે. આપણે અહીં આ બે પાત્રોના જીવનમાં આવતી મુશ્કેલીઓને તેમની વેદનાઓ, વ્યથાઓ અને તેમની એકલતાને, નિરસ જિંદગી વિશે પરિચય મેળવીએ. અદિતિ એક સમજુ અને કેળવણી પામેલી સ્ત્રી હતી. પોતાના પતિના સ્વભાવને સારી રીતે જાણતી હોવાથી તેમના નિર્ણયોમાં ક્યારેય આડે આવતી નથી. અદિતિના લગ્ન શ્રીધર સાથે થયા હતા ને તેમનું એક માત્ર સંતાન વૈજયંતી હતી. પતિ સાથે લગ્ન કર્યા તે સમયે તેમની આર્થિક પરિસ્થિતિ એટલી સારી ન હોવા છતાં પણ પતિની પડખે ઊભી રહીને તેને સાથ આપે છે. આ વાત શ્રીધર જ્યારે વિજુના ઘરે મળવા જાય છે ત્યારે તેને સ્ટવ ચાલુ કરતા જોઈને તેમને અદિતિ સાથેનો તેમનો ભૂતકાળ યાદ આવી જાય છે. જ્યાં અદિતિને તેઓ અવાજ ન થાય તેવો સ્ટવ બજારમાંથી લઈ આવ્યા હોય છે તે પરથી ખ્યાલ આવે છે. આવી નાની નાની ખુશીઓમાં પણ ખુશ રહેતી અદિતિ પતિને પણ હંમેશા ખુશ રાખવાનો પ્રયત્ન કરતી હોય છે. એક સમય એવોય હોય છે કે શ્રીધર પાસે પૂરતા પૈસા ન હોવાથી વધારાના પૈસા બચે એમાંથી કઈ વસ્તુ ખરીદવી તેની ચર્ચા પણ પતિ પત્ની કરતા ને પછી ઘરમાં આવતી એવી દરેક બાબતોનું ધ્યાન રાખતી અદિતિ પોતાના પતિના દિલમાં યોગ્ય સ્થાન મેળવી શકી ન હતી. પતિ જ્યારે તેને સમજે છે ત્યાં સુધી ખૂબ મોડું થઈ ગયું હોય છે. કેમ કે પત્નીનું હોવાનું ને તેની સાથે જીવ્યાનું જ્ઞાન તો શ્રીધરને અદિતિના અવસાન પામ્યા પછી થાય છે. તો તેવા જ્ઞાનનું શું કામ કે જે જીવતે જીવ સમજી નથી શક્યો. અદિતિ એક સારી માતા પણ હતી. વિજુ જ્યારે પિતાની ઈચ્છા વિરુદ્ધ અરમાન સાથે લગ્ન કરી લે છે ત્યારે પણ પતિનો સાથ આપી તેમની પડખે તો ઉભી રહે છે પણ તેમની જાણ બહાર તે વિજુને મળવા પણ જતીને દીકરીને આર્થિક મદદ પણ કરતી. પિતા પુત્રીના સંબંધો વચ્ચે જે ગાંઠ બંધાઈ ગઈ હતી તેને ઉકેલવાનો પણ તે પ્રયત્ન કરતી હોય છે. પણ શ્રીધરના જ શબ્દોમાં જ સમજીએ. 'અદિતિએ થાકીને પ્રયત્નો પડતા મૂક્યા હતા પણ હું જાણતો હતો કે એણે એની રીતે એકલે હાથે કંઈક કર્યું હતું તો ખરું ?'3 અદિતિ જીવતે જીવ એ મડાગાંઠ ઉકેલી શકતી નથી. આમ અદિતિ એક પતિપરાયણ નારી તો હતી જ પણ સાથે સાથે માતૃવત્સલ હૃદય ધરાવનારી એક માતા પણ હતી. અદિતિનું પાત્ર નવલકથામાં ટૂંકા સમય માટે આવે છે પણ ઘણું બધું આપણને કહી જાય છે. પતિ સાથે પરણ્યા પછી એક નારી પોતાનું બધું જ ન્યોછાવર કરી દે છે એક પતિ માટે, પણ સામે પતિ તેની દરકાર પણ કરતો નથી એવી ખબર હોવા છતાં પતિના સુખમાં સુખી અને તેના દુઃખમાં ભાગીદાર બનનારી પત્નીને અંતે કશુંજ મળતું નથી. સિવાય કે જિંદગીની એકલતાને, નીરસતા.

અદિતિ અને શ્રીધરની વહાલ સોયી દીકરી વૈજયંતીનું પાત્ર નિરૂપણ જોઈએ. અદિતિ અને શ્રીધરનું એક માત્ર સંતાન એટલે વૈજયંતી (વિજુ). લાડમાં વિજુ કહેતા, પુત્રીના ઉછેરમાં પતિ પત્નીએ કોઈ ઉણપ ન રાખી હતી. શ્રીધરના જ મુખે કહેવાયેલું કે 'અડધી રાતે એને આઈસક્રીમ ખાવાનં વેન ઊપડ્યું હતું ત્યારે તાવવાળા શરીરે પણ હું બહાર નહોતો નીકળ્યો ? ત્યારે એવા પૈસા પણ ક્યાં હતાં ? ચાલીને જ જવું

www.ignited.in

પડ્યું હતું મારે. પગમાં ને વાંસામાં એટલું બધું કળતર થતું હતું કે રસ્તામાં ક્યાંક ઢગલો થઈને બેસી પડાશે એનો ડર લાગતો હતો. તોયે માંડ માંડ ઘેર પહોંચીને જરાતરા પીગળવા માંડેલા આઈસક્રીમ કોન મેં એની સામે ધર્યો હતો.'4 અહીં આ ઉપરોક્ત વાક્ય પરથી પિતા-પુત્રી વચ્ચે કેવા સંબંધો હોય છે તેનો ખ્યાલ આવે છે. સમય જતાં તે મોટી થતી વિજુ પોતાના માતા-પિતા સામે પોતે જેને ચાહતી હોય છે એ યુવાન સાથે લગ્ન કરવાની ઈચ્છા વ્યક્ત કરતી હોય છે. પિતા તો અરમાન વિશે સાંભળતા જ તેની સાથે વિજુને લગ્ન કરાવી આપવાની ના કહી દે છે. અહીંથી પિતા-પુત્રીના સંબંધોમાં તિરાડ પડવાની શરૂ થઈ જાય છે. વિજુ માતા-પિતાની ઈચ્છા વિરુદ્ધ અરમાન સાથે લગ્ન કરી લે છે. વિજુના આ નિર્ણયથી નાખુશ પિતા તેની ભાળ લેવાનું પણ યોગ્ય સમજતા નથી. વિજુને માતાનો ટેકો હંમેશા રહે છે. પણ આ સુખ લાંબો સમય સુધી ટકતું નથી માતાના અવસાન પછી વિજુ સાવ એકલી પડી જાય છે. તેને એક પુત્ર પણ હોય છે, મોહિત. 'રંગે ગોરો ને આખો ચહેરો ઘાટીલો છતાં એની નજર – ઓહ્, તદ્દન નિષ્પ્રાણ ! ચેતનાનો જરાય અણસાર ન મળે. શરીરના એકે અંગ પર કાબૂની તો વાત જ ક્યાં ? ચીંથરાનાં ઢીંગલા જેવો હતો.'5 આવા પુત્ર માટે તે વિશેષ કંઈક કરવા માગતી હોય છે પણ ડોક્ટરના કહેવા મુજબ મોહિતની આ બિમારીનો કોઈ ઈલાજ હજુ સુધી શોધાયો નથી. તેથી તે કશું કરી શકતી નથી. પતિનું સુખ તો તેને મળ્યું જ ન હતું. લગ્ન પહેલા અરમાન કોઈ કુરિયર સર્વિસમાં નોકરી કરતો હતો પણ લગ્ન બાદ તો એ ચરસ અને બીજી કેટલીય આદતો સાથે જોડાઈ ગયો હતો. વિજુને આ બધી બાબતોનો ખ્યાલ પહેલાં ન હતો. પણ પછી ખબર પડતાં તેની એ આદતોને છોડાવવા તેને હોસ્પિટલમાં પણ દાખલ કરાવે છે પણ તેનું કોઈ સારું પરિણામ મળતું નથી કેમ કે તેનો પતિ ત્યાંથી પણ નાસી આવતો હતો. વિજુ પણ ગુણીયલ માની દીકરી હતી. અદિતિ જેમ પિતા અને પુત્રીની દેખભાળ રાખતી હતી. તેમ વિજુ પણ મોહિત અ અરમાનની દેખભાળ રાખવામાં કોઈ કસર છોડતી નથી. અદિતિ અરમાન વિશે બધું જ જાણતી હોય છે પણ શ્રીધરને તે ક્યારે કહેતી નથી તો બીજી બાજુ પુત્રી પણ અનેક કષ્ટો અને વેદનાઓને સહન કરે છે પણ પિતાને મળવા કે તેમના સુધી પોતાના હાલ વિશેની માહિતી પહોંચાડવા માંગતી નથી. વિજુ પોતાના પિતાથી ગુસ્સે તો હોય જ છે પણ તેનો ગુસ્સો મીણબત્તીની જેમ ઓગળી જતો જોવા મળે છે.

વિજુના ઘર છોડ્યાને ઘણો સમય થઈ ગયા પછી અચાનક જ પિતાને પોતાની લાડકી દીકરીને મળવા માટેના અરમાન જાગી ઉઠે છે. એ પિતા પુત્રીનું મિલન કરાવવાનો શ્રેય દામોદરને જાય છે. દામોદર અદિતિનો પિતરાઈ ભાઈ હતો. દામોદર મામાના કહેવાથી વિજુ પિતાને મળવા તૈયાર થઈ હોય છે. બાકી વિજુ તો એ જ મોરનું ઈંડુ હતી જે પોતાના અહમ્ ને વળગીને બેસી રહે તેવી બાપ જેવી બેટી હતી. બાપે પાછું વળીને જોવાની કોશિશ ન કરી તો સામે બેટી પણ એવી જ હતી, મામાના કહેવાથી વિજુ નક્કી કરેલી હોટલમાં પિતાને મળવા જાય છે. ત્યારે તેની રાહ જોતા પિતા પણ તેના બાહ્ય દેખાવને જોયા પછી ઓળખી શકતા નથી તેવી દેખાતી હતી વિજુ. તે જુઓ – 'લમણાં આગળથી એના વાળ સફેદ થઈ ગયા હતા અને અસ્તવ્યસ્ત હતા. એના તરફ બીજી વાર જોવાનું મન પણ ન થાય અહીં બીજું કશું જોવા જેવું હતું નહીં એટલે મારી નજર ત્યાં જ જડાઈ રહી. એ આમતેમ જોતી હતી મારી તરફ જોયા પછી એની ચાલમાં મક્કમતા આવી, અને થોડી ઝડપ – હે ભગવાન એ વિજુ હતી, મારી વૈજ્યંતી અને હું એને ઓળખી ન શક્યો.'6 આ દ્રશ્ય જોયા પછી તો શ્રીધરનું હૃદય કંપી ઊઠે છે. દીકરીના બાહ્ય દેખાવ પરથી જ એક પિતા તેના ઘરસંસાર અંગેનું અનુમાન કરી જ શકે છે. વિજુનો આ બાહ્ય દેખાવ અંગે વાચ્યાં પછી એટલું તો સમજી શકીએ છીએ કે લગ્ન બાદ તેની પરિસ્થિતિ કેટલી ગંભીર હશે. કેમ કે શ્રીધરના જ શબ્દોમાં તેના બાહ્ય વ્યક્તિત્વ અંગે બોલાયેલું આ વાક્ય જુઓઃ 'વૈજ્યંતી.... મારી લાડકી દીકરી એની મા જેવી રૂપાળી.'7 વૈજ્યંતીનું લગ્ન પહેલાનું આ રૂપ અને તે પછીનું તેમાં અંતર તો છે જ. જે એવું માનવા આપણને તૈયાર કરે છે તેણે પ્રેમલગ્ન કરીને ભલે સુખી જીવન જીવવાનું સ્વપ્ન જોયું હોય જેના કારણે પિતાની ઈચ્છા વિરુદ્ધ પણ ગઈ હોય પણ તેમાં સફળ થઈ શકી નહીં. પિતાને મળવા આવેલી વિજુ પિતાની સામે જોવાનું પણ યોગ્ય સમજતી નથી. વિજુ તે પછી પોતાના ઘરે પિતાને લઈ જાય છે. તેનું ઘર સાવ સાધારણ હતું. ઝૂંપડપટ્ટીથી જરા સારું એવા ઘરમાં રહેતી વિજુ પોતાના ઘર અને પરિવારની જાણકારી પિતાને આપે છે. પૈસાની છોળોમાં ઉછરેલી દીકરી આજે પિતા માટે ચા તો બનાવે છે પણ તેની પાસે ગેસ પણ હોતો નથી. પ્રાયમસ પર ચા બનાવતી દીકરીને જોયા પછી પિતાનું હૃદય ખૂબ દૂભાય છે. આવી હાલતમાં જોયેલી દીકરીને છોડીને જવાની ઈચ્છા પણ પિતાને થતી નથી. તેમ છતાં મન મક્કમ કરીને શ્રીધર ત્યાંથી છૂટે પડે છે. છૂટા પડતાં પિતાને વિજુ કહે છે કે સોરી, પપ્પા

મારે એવું નહોતું કરવું જોઈતું. હું કેવું કેવું બોલી ગઈ મારાથી એવું ન બોલાય.... આખરે આમાં તમારો તો કંઈ વાંક છે જ નહીં. તમે તો મને ના પાડેલી. પણ ત્યારે મને તમારા પર ચીડ ચડતી હતી. મા મને એટલું સમજાવતી કે તમારા પર મારો ગુસ્સો ન રાખવો જોઈએ, તેટલો જ મારો ગુસ્સો વધતો જતો હતો. તે વખતે મને અરમાન બહુ જ ગમતો હતો અને તમે જરાયે નહોતા ગમતા, પપ્પા !'8 આ ઉપરોક્ત વાક્ય વાંચ્યા પછી તો એટલું તો સમજાય છે કે લગ્ન જીવનની વાસ્તવિકતા શું છે. વિજુ પ્રેમલગ્ન કરીને વધુ સુખી થવા ઈચ્છતી હશે પણ તે સુખી થઈ શકતી નથી. કદાચ લેખિકા પ્રેમલગ્ન જીવનની વાસ્તવિકતાને પણ વાચકો સુધી પહોંચાડવા માંગતા હોય તેવું લાગે છે. વિજુના પાત્ર દ્વારા તેના પ્રેમલગ્નની ઈચ્છાઓ અને તેમાં મળેલી નિષ્ફળતાઓ વિશે આપણને ચિતાર મળે છે. સામે એ પણ બાબત ખાસ નોંધવા જેવી છે કે આટલી વેદના અને તકલીફોને સહન કરવા છતાં વિજુ એકવાર પણ પિતાનો ઉબરો ઓળગીને તેમની માફી માંગીને તેમની મદદ માગતી જોવા મળતી નથી. તે વિજુના પાત્રની વિશેષતા છે. તકલીફોને સહન કરીને પણ પોતે જ કર્યું છે તેની ભરપાઈ પણ પોતે જાતે જ કરવાની છે એવું અડગ મને વિચારી તેનો સામનો કરે છે. ક્યાંય હારી જતી જોવા મળતી નથી.

પ્રેમ જીવનમાં મળેલી આટલી તકલીફોનો સામનો કરતી વિજુ હારી ન જતાં ચીંથરાંના ઢીંગલા જેવા દીકરાનો પણ એટલો જ સારી રીતે ઉછેર કરતી હોય છે. તે પિતાને કહેતી હોય છે કે 'અરમાન પહેલાં કહેતો હતો કે એને કશેક મૂકી આવીએ પણ મારું મન માનતું નહોતું. અને હવે તો – એની ટેવ પડી ગઈ છે ને, એના વગર મને ન ગમે.'9 અહીં માતૃવત્સલ હૃદય ધરાવતી વિજુનો માતા તરીકેનો પરિચય પણ આપણને થાય છે. તો સાથે સાથે પ્રેમાળ દીકરી હોવાનો પરિચય પણ આપણને કરાવે છે. પિતાની માફી માંગીને, પિતાની બિમારીના સમાચાર સાંભળતા જ તે પોતાના ઘરે રહેવા માટે પાછી આવી જાય છે કેમ કે તે જાણતી હોય છે કે પિતાનો આધાર માત્ર એ જ છે. હોટલમાં મળતા પિતાની સામે જોવું પણ યોગ્ય ન સમજતી વિજુ. સત્તર દિવસ સુધી બેભાન રહેલા પિતાને ભાનમાં આવતા જોઈને, 'તમને કંઈ થઈ ગયું હોત તો !'10 એમ કહેતા પણ અચકાતી નથી તો સામે પિતા જ્યારે તેને ઘરમાં સાથે જ રહેવાનું કહે છે, પાછા નથી જવાનું એવું સૂચન આપે છે ત્યારે પણ તે કહી દે છે કે 'પપ્પા, તમે બરાબર સાજા થઈ જાવ પછી એ બધી વાત કરીશું. હમણાં તો હું અહીં જ છું જ ને ?'11 આવો જવાબ આપતી નારી સ્વમાની પણ છે તેનો પરિચય કરાવે છે.

વિજુ આવા વખતે એમ પણ કહી શકતી હતી કે હવે હું અહીં જ રહીશ, કાયમ માટે પપ્પા ચિંતા ન કરો પણ એવું નથી કહેતી એટલે કે તે અત્યારે માત્ર પિતાની સેવા કરવા માટે આવી છે. લાંબો સમય માટે રહેવા આવી નથી. એવું તે પોતાના આ જવાબ દ્વારા આપણને અને પિતાને પણ સમજાવી દે છે. સૂચવી દે છે. આમ વિજુના પાત્રની વિશેષતા જોઈએ તો તે એક માતૃવત્સલ હૃદય ધરાવતી માતા છે, પતિપરાયણ નારી છે, પિતૃવત્સલ હૃદય ધરાવતી દીકરી પણ છે, તે સંવેદનશીલ નારી પણ છે. જિંદગીની વાસ્તવિકતાને સમજીને ચાલનારી નારી પણ છે. ધૈર્ય, હિંમતવાન, સહનશીલતા જેવા ગુણો ધરાવતું આ પાત્ર સહૃદય ભાવકોના મન અને હૃદય પર પણ ઊંડી છાપ છોડી જાય છે.

આ નવલકથામાં મુખ્ય બે જ સ્ત્રી પાત્રો છે, અદિતિ અને વૈજ્યંતી એ સિવાય બાકી જોઈએ તો પુરુષપાત્રોમાં આ નવલકથાનું મુખ્ય પાત્ર શ્રીધરનું છે. આમ તો આ આખી નવલકથા જ શ્રીધરના હું અને અહમવાદી વલણ સાથે જોડાયેલી મુશ્કેલીઓ વિશે ચિતાર આપે છે. જેમાં જિંદગીના એવા પડાવ પર પહોંચ્યા પછી શ્રીધર પોતાના હું અને અહમવાદીવલણ વિશે મનોમન વિચારતો હોય છે ને તેમાંથી બહાર આવવાનો પ્રયત્ન કરતો હોય છે. ખાસ તો એ આ અહમમાંથી બહાર આવવાનો વિચાર એટલા માટે કરતો હોય છે કે તે આનંદમય રીતે આ જિંદગી છોડીને જવા માંગતો હોય છે પણ એ આકાંક્ષા તેને મનુષ્ય હોવાની પ્રતિતી કરાવે છે. મનુષ્યના અસ્તિત્વ સાથે જોડાયેલી કેટલીક બાબતોને કેટલાક પ્રસંગો દ્વારા આત્મસાત કર્યા પછી તે પોતાના અહમમાંથી બહાર આવે છે ને પોતાની અહમવાદી મનોવૃત્તિઓને તિલાંજલિ આપી શકે છે. તેનો અહેસાસ થોડે ઘણે અંશે શ્રીધરને કરાવવાનો શ્રેય નાનુને જાય છે. નાનુ શ્રીધરને ત્યાં વર્ષોથી કામ કરતો નોકર છે. બહુ પ્રામાણિક, સંવેદનશીલ અને સ્વાભિમાની જેવા ગુણો ધરાવતું આ પાત્ર છે. એક વખત શ્રીધરને તેની સાથે વાતો કરવાનું મન થતાં તેની સાથે ખુરશીમાં બેસવાનું કહેતાં તે ના કહી દે છે. તે સારી રીતે જાણતો હોય છે કે નોકર અને શેઠ વચ્ચેનું અંતર શું છે માટે તે ત્યાં નીચે બેસી જાય છે. આ ઉપરાંત એક વખત શ્રીધર તેને કહે છે કે તારે જે જોઈએ તે તું માગ ત્યારે તે એક ખૂબ જ સરસ વાત કરે છે કે 'સાહેબ, મારેથી ની બોલાય પણ બેનના પોયરાને સાચવવા જેવો છે. તમે એને માથે તમારો હાથ રાખો. બીજું કંઈ નહીં બેનની હાલત જોઈને જીવ બૌ બરે.'12 નાનુના મુખે બોલાયેલું આ વાક્યથી તો શ્રીધર પણ અવાક્

www.ignited.in

થઈ જાય છે. એક પારકો માણસ પણ તેની દીકરી અને તેના પુત્ર પ્રત્યે આટલી લાગણી ધરાવે છે. અંતે શ્રીધરના બહુ કહેવાથી તે ગામમાં પરબડી બંધાવવાનું કહે છે. શ્રીધર તેને આ સિવાય પણ કંઈ માગવાનું કહે છે જેમાં તેને નોકરી છોડવી હોય તો પણ તેની મંજૂરી મળી જશે. આવી મંજૂરીનો લાભ લેવાની જગ્યાએ એ ખૂબ જ સુંદર વાત કહે છે તે જુઓ, 'છોડવા રોપાય, ઝાડવાં ની રોપાય. જાં છે તાં જ છે.'13 આ નાનીયાને ઘરે બેઠા પગાર મળવામાં પણ કોઈ દિલચસ્પી નથી. આ વાક્ય સાંભળ્યા પછી તો શ્રીધરનો અહંકાર પણ ઓગળી જાય છે ને પરમ સત્યનું જ્ઞાન જાણે નાનુએ તેને કરાવ્યું હોય તેમ ઘેટાંના ટોળામાંથી છૂંટું પડેલું ઘેટું ફરી ટોળામાં પાછું વળે તેવી અનુભૂતિ અનુભવતો શ્રીધર શ્રીધર નામના પાંજરામાંથી બહાર નીકળીને આનંદની અનુભૂતિ કરે છે. 'નાનુ' નું પાત્ર ભલે થોડા સમય માટે નવલકથામાં આવે છે પણ શ્રીધરના અહમને ઓગાળવામાં તેનો મહત્વનો ફાળો છે તે વાત ભૂલવી જોઈએ નહીં. આ નાનુંનું પાત્ર પણ જીવનની વાસ્તવિકતાને ખૂબ જ સચોટ રીતે માનવ હૃદય સુધી પહોંચાડી શક્યું છે. જેમાં લેખિકાની ઉત્તમ કથાકારીગીરીનો પરિચય વાચકોને થાય છે.

નાનુના પાત્ર સિવાય અન્ય ગૌણપાત્રોમાં શ્રીધરના પરમ મિત્ર ડોક્ટર અરદેશર બીલીમોરીઆ છે જે પારસી છે. જે ડોક્ટર હોવાની ફરજને બખૂબી નિભાવે છે તેની સાથે મિત્રની એકલવાયી અને નિરસ જિંદગીનો પણ ખ્યાલ રાખીને તેના દુઃખમાં પણ ભાગીદાર બનીને તેમની માનસિક અને શારીરિક એમ બંને બાબતોને ધ્યાનમાં રાખીને એક પરમ મિત્ર હોવાનો પરિચય કરાવે છે. તેમનો પુત્ર રુસી શ્રીધરનાં નાણાં અને બેન્કનું બધું કામ એક વિશ્વાસુ વ્યક્તિની જેમ સંભાળે છે. દામોદર એ શ્રીધરની પત્ની અદિતિનો દૂરનો પિતરાઈ ભાઈ છે જે પિતા-પુત્રીના મિલનમાં સાંકળરૂપ બનનારી કડી છે.

આમ, આ સમગ્ર લઘુનવલમાં જોઈએ તો શ્રીધરના 'હું' અને 'અહમ' સાથે જોડાયેલી કથા છે. જેમાં મુખ્ય પાત્ર જ 'શ્રીધર' છે. જેની આસપાસ ગોઠવાયેલી આ કથાને પણ હું નજર અંદાજ ન કરી શકું. મારો વિષય નારી પાત્રો સાથે જોડાયેલો હોવાથી મેં આ લઘુનવલને અદિતિ અને વૈજયંતી જેવા નારીપાત્રોના આધારે પણ જોવાનો પ્રયત્ન કર્યો છે. જેમાં આ નારીઓનું હૃદય પણ શ્રીધર સાથે જોડાયેલું હોય છે. અહમવાદી શ્રીધરના વર્તનોને લીધે આ નારીપાત્રોનું હૃદય પણ ઘવાયું હોય છે. જેની જાણ લેખિકાએ શ્રીધરના પાત્ર સાથે જોડાયેલી આ કથા દ્વારા કરાવ્યું છે. જે તેમની વિશેષતાનો પરિચય કરાવે છે. અંતે 'હું' માં પરોવાયેલો અને સંવેદનાહીન બનેલો કથાનાયક તેમાંથી બહાર આવે છે ને મૃત્યુ પહેલા દીકરી, તેનો જમાઈ અને દોહિત્રનો હૃદયપૂર્વક સ્વીકાર કરી લે છે ને અંતે પિતા-પુત્રી વચ્ચે તૂટેલા એ સંબંધો સહર્ષે જોડાતા જોવા મળે છે. જે લઘુનવલના શીર્ષકને 'પ્રતીકાત્મક' રીતે રજૂ કરે છે અને તેનો અર્થ પણ વાચકો સુધી પહોંચતો થાય છે. એ જોતા 'શીર્ષકની સાર્થકતા પ્રતીત કરાવવામાં અને તેનો પરિચય કરાવવામાં લેખિકાની લેખિનીનો પરિચય સૌને થાય છે.'

**સંદર્ભ –**


1. પટેલ ધીરુબહેન, 'અનુસંધાન', ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ, આવૃતિ ઓક્ટોબર-2002, પૃ.4, પ્રકરણ-1, કિં.50/-
2. એજન, પૃ.5, પ્રકરણ-1
3. એજન, પૃ.15, પ્રકરણ-1
4. એજન, પૃ.15, પ્રકરણ-1
5. એજન, પૃ.40, પ્રકરણ-3
6. એજન, પૃ.22, પ્રકરણ-2
7. એજન, પૃ.18, પ્રકરણ-1
8. એજન, પૃ.38, પ્રકરણ-2
9. એજન, પૃ.41, પ્રકરણ-3
10. એજન, પૃ.82, પ્રકરણ-5
11. એજન, પૃ.98, પ્રકરણ-6
12. એજન, પૃ.92, પ્રકરણ-5
13. એજન, પૃ.108, પ્રકરણ-6


**Corresponding Author**

**Patel Hardika Pravinkumar***

Professor, Sardar Patel B.Ed College, Gujarat, MP

gopal9787@gmail.com